કેસ દાખલ કર્યા તારીખ : ૦૨/૦૮/૨૦૨૩
કેસ રજી.કર્યા તારીખ : ૦૨/૦૮/૨૦૨૩
કેસ ફેંસલ કર્યા તારીખ : ૧૮/૦૭/૨૦૨૪
અવધી: વર્ષ: માસ: દિવસ:

**અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ, મુંદરા–કચ્છ.**

**ફોજદારી કેસ નં. ૨૪૪૧/૨૦૨૩**

**આંક–**

શ્રી સરકાર ..... ફરીયાદી

વિરુધ્ધ

ઈમરાન અબ્દુલા સમેજા, ઉ.વ.૨૮,
રહે. ટુંડા, તા. મુંદરા–કચ્છ.

..... આરોપી

ગુન્હો :– ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫ એ.એ.મુજબ.

---

સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી કે.એમ.પ્રજાપતિ.
આરોપી તરફે વિ. વકીલશ્રી વિ.એસ. મહેતા.

---

**:: ચુ કા દો ::**

૧. ફરિયાદપક્ષના કેસની ટુંકી હકીકત એવી છે કે, આ કામે બનાવના દિવસે, સમયે અને સ્થળે આ કામના આરોપીએ ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે દેશી દારૂની લીટર –૧૨ દેશીદારૂની કિં.રૂ.૨૪૦/– નો પ્રોહી મુદામાલ પોતાના કબજામાં વેચાણ અર્થે રાખી પ્રોહી એકટ ની કલમ ૬૫ (એ)(એ) મુજબ ગુન્હો કરેલ હોઈ તે સબબ ફરિયાદીએ ફરીયાદ આપેલ જે ફરીયાદ મુંદરા પોલીસ સ્ટેશન ધ્વારા પ્રોહી ગુના રજીસ્ટર નં.૫૦૭/૨૩ થી નોંધી, તપાસના અંતે પોલીસે આરોપી વિરૂધ્ધ હાલનું આંક–૧ વાળુ ચાર્જશીટ કરેલ છે.

૨. આરોપીને સમન્સની બજવણી થતાં કોર્ટમાં હાજર થયેલ આરોપીને ચાર્જશીટના પેપરની નકલો આપીને આરોપી વિરુધ્ધ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૦ મુજબ આંક–૭થી તહોમતનામું ફરમાવી આંક–૮ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ. આરોપીએ ગુનાનો ઈન્કાર કરી, ઈન્સાફી કાર્યવાહીની માંગણી કરતાં ફરિયાદપક્ષ તરફે નીચે મુજબ મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૯ | ફરીયાદી જોઈતાભાઈ કાજાભાઈ ચૌધરીની જુબાની |
| ૨. | ૨૦ | ફરીયાદ |
| ૩. | ૧૫ | પંચ હુસેન ઉમર કુંભારની જુબાની |
| ૪. | ૧૬ | પંચનામું |
| ૫. | ૨૧ | પંચ દિપકસિંહ ખેંગારજી રાઠોડની જુબાની |

૩. આ કામે ફરીયાદપક્ષે મૌખીક પુરાવો પૂરો થયાનું જાહેર કરતાં ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૩૧૩ મુજબ

આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. જેમાં વિશેષમાં આરોપીએ નિર્દોષ હોવાનો બચાવ લીધેલ છે તથા સોગંદ પર જુબાની આપવી નથી, બચાવમાં સાહેદ તપાસવા નથી અને કંઈ કહેવું નથી તેમ જણાવેલ છે. ત્યારબાદ ફરિયાદી તરફે વિ.એ.પી.પી.શ્રી પ્રજાપતિ તથા બચાવપક્ષના વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

૪. ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી અને આરોપી તરફે વિ.વકીલશ્રીની દલીલો તથા મૌખિક જુબાની અને દસ્તાવેજી પુરાવા જોતાં મારા નિર્ણય માટે નીચેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામે બનાવના દિવસે, સમયે અને સ્થળે આ કામના આરોપીએ ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે દેશી દારૂની લીટર –૧૨ દેશીદારૂની કિં.રૂ.૨૪૦/– નો પ્રોહી મુદામાલ પોતાના કબજામાં વેચાણ અર્થે રાખી પ્રોહી એકટ ની કલમ ૬૫ (એ)(એ) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

૫. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારાત્મક.

(૨) છેવટના હુકમ મુજબ

–:: <u>કા ર ણો</u> :–

<u>મુદ્દા નંબર : ૧</u> :–

૬. આ કામે પંચોને સમન્સ કરતાં પંચનામાના આંક–૧૫થી પંચ હુસેન ઉંમર કુંભારને તથા આંક–૨૧ થી દિપકસિંહ ખેંગારજી રાઠોડને તપાસેલા છે. સદર પંચ સાહેદો કે જે બનાવ સ્થળે સદરહુ પ્રોહીબીશન મુદામાલ કબજે કરેલ હોવાના પંચનામાના પંચ સાહેદો છે. તેઓનો પુરાવો જોવામાં આવે તો તેઓએ તેમની જુબાનીમાં એવું જણાવેલ છે કે, પોલીસે તેઓને પંચ તરીકે કયાંય બોલાવેલ નથી. તેમની હાજરીમાં કોઈ પંચનામું થયેલ નથી. એક તૈયાર લખેલ પંચનામામાં તેઓની સહી લીધેલ તે સિવાય તેઓ પંચનામા વિશે તેઓ કાંઈ જાણતા નથી. તેઓ જુબાનીમાં પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવે છે પરંતુ તે સિવાય બીજી કોઈ હકિકતોને સમર્થન કરતા નથી. જેથી આ પંચ સાહેદોને વિ.એપીપીશ્રીની વિનંતીથી ફરી ગયેલ પંચ સાહેદો જાહેર કરવામાં આવેલા છે અને તેઓની વિ.એપીપીશ્રી ધ્વારા ઉલટ તપાસ લેવામાં આવેલી છે. પરંતુ ઉલટ તપાસ દરમિયાન પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી કોઈ જ હકિકત આ પંચ સાહેદો જણાવતા નથી. જે હકિકતો ઘ્યાને લેતાં આ કામે સ્થાનીક જગ્યાના પંચનામાના પંચોને તપાસતાં તમામ પંચો ફરી ગયેલા જાહેર થયેલ હોઈ ઉપરોકત પંચનામાની હકિકતોને સમર્થન મળવા પામતું નથી.

૭. ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે આંક–૧૯થી ફરિયાદી દજોઈતાભાઈ કાજાભાઈ ચૌધરીએ તેમની સોગંદ પરની જુબાનીમાં તેમની ફરીયાદની તમામ હકિકતોને સમર્થન કરે છે. સદર ફરીયાદીની ઉલટ તપાસના તબકકે તેઓએ તે મતલબની હકિકતો સ્વેચ્છાએ સ્વીકારે છે કે, કહેવાતી બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે તથા લોકોની અવર જવર રહે છે, આ કામે મે પંચનામું કરેલ નથી, મારી ફરીયાદમાં પંચોના નામ સરનામા જણાવેલ નથી, આ કામે મે કોઈ તપાસ કરેલ નથી.

૮. આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ સમગ્ર પુરાવાને ઘ્યાને લેતાં તે હકિકત સ્પષ્ટ થાય છે કે, આરોપીના કબજામાંથી પ્રતિબંધીત પ્રોહીબીશન મુદામાલ મળી આવેલ હોય તે હકિકત નિ:શંકપણે પુરવાર થતી નથી. આ

કામે ફરીયાદીએ ફરીયાદની વિગતે જુબાની આપેલ છે તેમજ આ કામે જે પોલીસ સાહેદો તપાસવામાં આવેલ છે તે પોલીસ સાહેદોએ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી જુબાની આપેલ છે પરંતુ આ જે પોલીસ સાહેદોને આ કામે તપાસેલ છે તે હિત ધરાવનાર સાહેદો છે. આ સિવાય કોઈ સ્વતંત્ર સાહેદો તપાસવામાં આવેલ નથી. તેમજ આ કામે પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. જેથી પ્રોહીબીશન મુદામાલ આરોપીના સભાન કબજા (CONSCIOUS POSSESION) માંથી મળી આવ્યાની હકિકત પુરાર થતી નથી.

૯. કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર ન થાય ત્યાં સુધી તે નિર્દોષ હોવાનું અનુમાન કરવામાં આવે છે અને ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર (Beyond Reasonable Doubt) પુરવાર કરવો પડે. હાલના કામે તપાસ કરનાર સંસ્થા ધ્વારા કરવામાં આવેલી તપાસ એકતરફી તથા અન્વેષણના પ્રસ્થાપીત સિધ્ધાંત વિરૂધ્ધની અને આરોપી પ્રત્યે પૂર્વગ્રહ ઉપજાવનાર હોય, ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી.

'' **મેઘાસિંહ વિરૂધ્ધ સ્ટેટ ઓફ હરિયાણા, એ.આઈ.આર.–૧૯૯૫–સુપ્રિમ કોર્ટ–૨૩૩૯**'' માં ઠરાવેલ સિધ્ધાંતને માનસહ વંચાણે લેતાં સદર કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટે નોંધેલ છે કે, સ્વતંત્ર સાહેદોના અભાવમાં ફરીયાદપક્ષના કેસની વિશ્વાસપાત્રતા ઘટે છે. સદર કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, ફરીયાદની કાર્યવાહીમાં જે અધિકારી સામેલ હોય તેણે ગુન્હાની તપાસ ન કરવી જોઈએ તથા '' **સ્ટેટ ઓફ ગુજરાત વિ. સુરેશભાઈ એસ.પટેલ, ૨૦૧૧ –૨૬–જી.એચ.જે.–૧**'' ના ચૂકાદાને પણ માનસહ વંચાણે લેતાં નામદાર ગુજરાત હાઈકોર્ટે આ ચૂકાદામાં સ્પષ્ટ કરેલ છે કે, જયારે પંચો, સાક્ષીઓ હોસ્ટાઈલ જાહેર થાય ત્યારે માત્ર ફરિયાદીની જુબાની પરથી આરોપીને તકસીરવાન ઠરાવવો ન્યાયોચિત નથી.

આમ, હાલના કેસમાં ત.ક.અ. ધ્વારા જે તપાસ કરવામાં આવેલ છે તે યોગ્ય રીતે થયેલ હોય તેવું જણાઈ આવતું નથી અને તે હકિકત આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર કરવા માટે આરોપી વિરૂધ્ધ પૂર્વગ્રહ ઉત્પન્ન કરે છે.

આ સબબ નામદાર સુપ્રીમ કોર્ટે ''**મનુ શર્મા વિરૂધ્ધ સ્ટેટ (NCT of Delhi) ૨૦૧૬ (૬) એસ.સી.સી. ૧**'' માં નીચે મુજબનો અભિગમ નોંધેલ છે.

197. In the Indian criminal jurisprudence the accused is placed in a somewhat advantageous position then under different jurisprudence of some of the countries in the world. The criminal justice administration system in India places human rights and dignity for human life at a much higher pedestal. In our jurisprudence an accused is presumed to be innocent till proved guilty, the alleged accused is entitled to fairness and true investigation and fair trial and the prosecutions is expected to play balanced role in the trial of a crime. The investigation should be judicious, fair, transparent and expeditious to ensure compliance with the basic rule of law. These are the fundamental canons of our criminal jurisprudence and they are quite in conformity with the constitutional mandate contaimed in Article- 20 and 21 of the Constitution of India."

આમ, ઉપરોકત તમામ ચર્ચા, કેસની હકિકત, રજુ થયેલ પુરાવો તથા કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો અને નામદાર ગુજરાત હાઈકોર્ટ અને નામદાર સુપ્રિમ કોર્ટના ચૂકાદાઓ ધ્યાને લેતાં અત્રેની કોર્ટનું સ્પષ્ટ માનવું છે કે, આ કામે આરોપી વિરૂધ્ધનો કેસ શંકાથી પર પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહે છે. આરોપીએ કહેવાતો ગુન્હો કરેલ હોવાની હકિકત નિ:શંકપણે પુરવાર થતી નથી. જેથી, હાલના કેસમાં આરોપીને તકસીરવાન ઠરાવવા ન્યાયોચિત જણાતું ન હોય, શંકાનો લાભ આપી છોડી મુકવા જોઈએ. જેથી મુદા નં:૧ નો નિર્ણય ''નકારમાં'' ઠરાવું છું.

**<u>મુદા નંબર:૨ –</u>**

આ કામે મુદા નંબર ૧ ના પરિણામસ્વરૂપ ફરીયાદપક્ષ પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ રહેલ હોય, નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુ ક મ</u> ::–**

(૧) ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ – ૨૪૮ (૧) મુજબ આરોપી ઈમરાન અબ્દુલા સમેજા, ઉ.વ.૨૮,ને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– ૬૫ (એ)(એ) મુજબના ગુનામાં પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરું છું.

(૨) મુદામાલ પાવતી મુજબના મુદામાલ અંગે અગાઉ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવાનો અન્યથા મુદામાલની માલીકીની ખરાઈ કરી તેના મૂળ માલીકને પરત કરવાનો તેમજ મુદામાલ દારૂનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ અગાઉ ટ્રાયલના કામે આપેલ જામીન સી.આર.પી.સી.ની સુધારેલી કલમ–૪૩૭( એ) અન્વયે વધુ છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૮/૦૭/૨૦૨૪
મુંદરા–કચ્છ.

(એચ.જે. તન્ના)
જજ કોડ: જી.જે.૦૦૯૫૫.
અધિક ચીફ જયુડી. મેજી. , મુંદરા–કચ્છ.